"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat 395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. તા: ૦૨/૦૬/૨૦૧૭

તંત્રી શ્રી, ______________________ સુરત

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નિલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

**આદિવાસી સમાજમાંથી અંગદાનનો સૌ પ્રથમ બનાવ.**

**સુરતમાંથી ૧૧માં હ્રદયનું દાન.**

**દક્ષિણ ગુજરાતમાંથી સૌ પ્રથમ વખત હ્રદય ૨૭૭ કિ. મી નું અંતર ૯૦ મીનીટમાં કાપીને અમદાવાદની CIMS હોસ્પીટલમાં ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું.**

**આદિવાસી સમાજના બ્રેનડેડ નવનીત બાબુભાઈ ચૌધરીના પરિવારે કીડની, લિવર, હ્રદયનું દાન કરી ચાર વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી.**

**સુરતની નવી સિવિલ હોસ્પીટલમાંથી સૌ પ્રથમ વખત અંગદાન મળ્યું.**

નામ : નવનીત બાબુભાઈ ચૌધરી ઉ. વ. 30 બ્લડ ગ્રુપ: A+VE

વ્યવસાય :રત્નકલાકાર તરીકે કાર્ય કરતા હતા.

રહેવાસી : મુ. પો: લવેટ, તા: માંગરોળ, જી: સુરત.

કૌટુંબિક વિગત : પિતા : બાબુભાઈ ચુનીલાલ ચૌધરી ઉ. વ. ૫૦
ખેતીવાડી નું કાર્ય કે છે.

પત્ની : દક્ષાબેન નવનીતભાઈ ચૌધરી ઉ. વ. ૩૦

પુત્ર : ગૌરાંગ નવનીતભાઈ ચૌધરી ઉ. વ. ૧૪
લવેટ પ્રાથમિક શાળામાં ધોરણ-૮ માં અભ્યાસ

પુત્રી : આયુશી નવનીતભાઈ ચૌધરી ઉ. વ. ૧૧
લવેટ પ્રાથમિક શાળામાં ધોરણ-૬ માં અભ્યાસ

૨...

Nilesh Mandlewala, President, +91 98256 09922 | Sandeep Kumar, IRS, Vice President, +91 83307 81031 | Rakesh Jain, Hon. Secretary, +91 98241 10349 | Ramesh Malpani, Hon. Treasurer, +91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



બનાવની વિગત:

સોમવાર તા: ૨૯ મે, ૨૦૧૭ ના રોજ નવનીતભાઈ સાંજે ૫:૩૦ થી ૬:૦૦ કલાક દરમિયાન વાંકલ થી લવેટ પોતાના ઘરે પરત ફરી રહયા હતા, ત્યારે વાંકલ રેલ્વે ફાટકની પાસે બાઈક સ્લીપ થઇ જતા તેઓ નીચે પડી ગયા હતા અને માથામાં ગંભીર ઈજાઓ થવાથી બેભાન થઇ ગયા હતા. આજુબાજુના લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી તેમને ઝંખવાવ રેફરલ હોસ્પીટલમાં દાખલ કર્યા. ત્યાંના ડોકટરોએ તેમની હાલત ગંભીર હોવાથી તેમને તાત્કાલીક સુરત લઇ જવાની સલાહ આપી. તેથી તેમને પી. પી. સવાણી હાર્ટ ઇન્સ્ટીટયુટ એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં ડૉ. જે. આર. હેસીયાની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યાં. નિદાન માટે CT સ્કેન કરાવતા મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું અને કેનીયોટોમી કરીને લોહીનો ગઠ્ઠો કાઢવાનું કહેતા પરિવારજનોએ તેમને નવી સિવિલ હોસ્પિટલમાં સર્જરી વિભાગના HOD ડૉ. નિમેશ વર્માની સારવાર હેઠળ દાખલ કરી SICU રેસીડેન્ટ ડૉ. નિલેશ કાછડીયાએ સારવાર શરૂ કરી.

ગુરૂવાર તા: ૧ જુનના રોજ ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદી, ન્યુરોફીઝીશ્યન ડૉ.પરેશ ઝાંઝમેરા અને સર્જરી વિભાગના રેસીડન્ટ ડૉ. નિલેશ કાછડીયાએ નવનીતભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

ડૉ. નિલેશ કાછડીયાએ ડોનેટ લાઈફના હેમંત દેસાઈનો ટેલીફોનીક સંપર્ક કરી નવનીતભાઈના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી નવનીતભાઈના પિતાશ્રી બાબુભાઈ, બહેન રીટાબેન, ફોઈ વનિતાબેન, જીલ્લા પંચાયતના માજી પ્રમુખ હર્ષદભાઈ ચૌધરી, સરપંચ મનોજ જેઠાભાઈ વસાવાને ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવી ઓર્ગન ડોનેશનની પ્રક્રિયા સમજાવી.

નવનીતભાઈના પિતાશ્રી બાબુભાઈ, બહેન રીટાબેન, ફોઈ વનિતાબેન, જીલ્લા પંચાયતના માજી પ્રમુખ હર્ષદભાઈ, સરપંચ મનોજભાઈએ જણાવ્યું કે અમારા સમાજમાં અંગદાન માટે હજુ જાગૃતિ નથી. અમે વારંવાર વર્તમાન પત્રોમાં અંગદાન વિશેના સમાચારો વાંચતા હતા. આજે જયારે અમારૂં સ્વજન બ્રેનડેડ છે ત્યારે તેઓના અંગોનું દાન કરીને કોઈકના લાડકવાયાને નવું જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો. તેઓએ સમાજના દરેક વર્ગના લોકોને જયારે પણ કોઈ વ્યક્તિ બ્રેનડેડ થાય ત્યારે અંગદાન કરવા અપીલ પણ કરી હતી.

3...

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નિલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું જ્યારે CIMS હોસ્પીટલના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર નિખીલ વ્યાસ અને ચીફ ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. ધવલ નાયકનો સંપર્ક કરી હૃદયનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની CIMS હોસ્પીટલના ડૉ. ધવલ નાયક અને તેમની ટીમે આવી હૃદયનું દાન સ્વીકાર્યું, જ્યારે Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. સુરેશ કુમાર અને તેમની ટીમે આવી કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું.

સુરત નવી સિવિલ હોસ્પિટલથી અમદાવાદની CIMS હોસ્પિટલ સુધીનું ૨૭૭ કિ. મી નું અંતર ૯૦ મીનીટમાં કાપીને દાનમાં મેળવવામાં આવેલા હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ સુરતના રહેવાસી કલ્પેશ જયસુખભાઈ કાત્રોડિયા ઉ. વ. ૨૩માં ડૉ. ધવલ નાયક અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની અમદાવાદના રહેવાસી તિલક શાહ ઉ. વ. ૧૪ અને બીજી કિડની સુરતના રહેવાસી પુનીત જાલાન ઉ.વ. ૩૧ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર મોરબીના રહેવાસી વાલાભાઈ દેવાભાઈ રાઠોડ ઉ.વ. ૪૮ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બન્ને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. પ્રાંજલ મોદી, ડૉ સુરેશકુમાર અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં નવનીતભાઈના પિતાશ્રી બાબુભાઈ, પત્ની દક્ષાબેન, બહેન રીટાબેન, ફોઈ વનિતાબેન, જીલ્લા પંચાયતના માજી પ્રમુખ હર્ષદભાઈ ચૌધરી, સરપંચ મનોજભાઈ વસાવા, ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદી, ન્યુરોફીઝીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરા, મેડીકલ સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ. મહેશ વાડેલ, સર્જરી વિભાગના HOD ડૉ. નિમેશ વર્મા, રેસીડન્ટ ડૉ. નિલેશ કાછડીયા, ડૉ. નેહલ શાહ, ડૉ. નરેન મકવાણા, ડૉ. નિપુન બંસલ, નવી સિવિલ હોસ્પીટલનો સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, CEO નીરવ માંડલેવાલા, નિમિત પટેલ, દેવેશ ભરૂચા, ડેનીશ સતાસિયા, મહેન્દ્રસિંહ દરબાર, અસ્ફાક ઈબ્રાહીમ શેખ, મયુર પામક, ભાવિન કોલડીયા, સુભાષ જોધાણી, ધવલ પ્રજાપતિ અને જીતેન્દ્ર મોરેનો સહકાર સાંપડ્યો હતો.

૪...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૧૯૬ કિડની, ૭૪ લીવર, ૫ પેન્ક્રીઆસ, ૧૧ હૃદય અને ૧૭૪ ચક્ષુઓનો દાન મેળવીને ૪૫૮ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

નવી સિવિલ હોસ્પીટલ થી સુરત એરપોર્ટ સુધીના માર્ગ તથા અમદાવાદ એરપોર્ટથી CIMS હોસ્પિટલ સુધીના માર્ગને ગ્રીન કોરીડોર કરવા માટે સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રી અને અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીનો સહકાર સાંપડ્યો હતો. ચાર્ટર્ડ ફ્લાઈટની વ્યવસ્થા માટે ધારાસભ્ય હર્ષ સંઘવી તેમજ સુરત એરપોર્ટ પર નાઈટ ટેકઓફની સુવિધા ન હોવા છતાં રાત્રે ૨:૩૦ કલાકે ટેકઓફની પરવાનગી અપાવવા માટે સાંસદ શ્રી સી. આર. પાટીલનો સહકાર સાંપડ્યો હતો.

સુરત શહેરની સિવિલ હોસ્પીટલમાંથી ઓર્ગન ડોનેશન મળે તે માટે સુરત શહેર પોલીસ કમિશ્નર શ્રી સતીશ શર્મા પણ પ્રયત્નશીલ હતા અને તે માટે તેઓએ સિવિલ હોસ્પીટલના મેડીકલ સુપ્રીન્ટેન્ડેન્ટ અને સ્મીમેર હોસ્પીટલના મેડિકલ સુપ્રીન્ટેન્ડેન્ટને એક પરિપત્ર લખ્યો હતો. ઉલ્લેખનીય છે કે સુરતમાંથી છેલ્લા ૧૨ વર્ષમાં જે ઓર્ગન ડોનેશન થયા છે તે સુરતની જુદી જુદી પ્રાઇવેટ અને ટ્રસ્ટની હોસ્પીટલમાંથી થયા છે. સૌ પ્રથમ વખત સુરતની નવી સિવિલ હોસ્પીટલમાંથી અંગદાન મળ્યું છે.

<u>કેડેવર હૃદય ડોનેશનની પ્રક્રિયા નો ઘટના ક્રમ</u>

૧. રાત્રે ૧૧:૩૬ કલાકે કેડેવર ઓર્ગન ડોનર નવનીત બાબુભાઈ ચૌધરીને ઓપરેશન થીયેટરમાં શિફ્ટ કર્યા.

૨. રાત્રે ૦૨:૩૩ કલાકે અમદાવાદની CIMS હોસ્પીટલના ચીફ ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. ધવલ નાયક અને તેમની ટીમ હૃદયનું દાન સ્વીકારી નવી સિવિલ હોસ્પિટલથી સુરત એરપોર્ટ જવાના રવાના થયા.

૩. રાત્રે ૦૨:૪૭ કલાકે ચીફ ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. ધવલ નાયક અને તેમની ટીમ સુરત એરપોર્ટ પહોચ્યા.

૪. રાત્રે ૦૨:૫૨ કલાકે સુરત એરપોર્ટથી ચાર્ટર-વિમાનમાં ચીફ ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. ધવલ નાયક અને તેમની ટીમ હૃદય લઇ અમદાવાદ જવા રવાના થયા.

૫. રાત્રે ૦૩:૩૦ કલાકે ચીફ ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. ધવલ નાયક અને તેમની ટીમ અમદાવાદ એરપોર્ટે પહોચ્યા.

૫...

| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat 395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



૬. રાત્રે ૦૩:૩૩ કલાકે ચીફ ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. ધવલ નાયક અને તેમની ટીમ અમદાવાદ એરપોર્ટથી CIMS હોસ્પિટલ જવા રવાના થયા.

૭. મળસ્કે ૦૩:૫૩ કલાકે ચીફ ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. ધવલ નાયક અને તેમની ટીમ CIMS હોસ્પિટલના ઓપરેશન થીયેટર દાખલ થયા અને હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ સુરતના રહેવાસી કલ્પેશ જયસુખભાઈ કાત્રોડિયા ઉ. વ. ૨૩માં ડૉ. ધવલ નાયક અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

ભારતમાં ૧૯૯૪માં પહેલું હૃદય નું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. છેલ્લા ૧૮ મહિનામાં સુરતમાંથી હૃદય ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરવાનો આ અગિયારમો બનાવ છે, જેમાંથી નવ હૃદય મુંબઈ, એક હૃદય ચેન્નાઈ અને એક હૃદય અમદાવાદ મોકલવામાં આવ્યું છે. દક્ષિણ ગુજરાતમાંથી અમદાવાદની CIMS હોસ્પીટલમાં હૃદય ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટનો આ પ્રથમ બનાવ છે, જેનું શ્રેય સુરતને જાય છે.

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961